# રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂના શિક્ષક ભરતી-૨૦૨૪ના PML અન્વયે વાંધા અરજી રજૂ કરવા સંદર્ભે સૂચનાઓ

**તા.૦૨/૦૧/૨૦૨૫**

રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂના શિક્ષક ભરતી-૨૦૨૪ અન્વયે ઓનલાઇન ઉમેદવારી નોંધાવેલ ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરીફિકેશન સમયે જિલ્લાઓ દ્વારા જે ઉમેદવારોના કિસ્સાઓમાં કવેરી ધ્યાને આવેલ હતી તે પૈકી ભરતી સમિતિ દ્વારા જે ઉમેદવારોની અરજીઓ **રદ કરવામાં આવેલ છે તેની યાદી: "પત્રક–અ",** જે ઉમેદવારોની અરજીઓ અન્વયે ગુણ/અનુભવ/અન્ય બાબતે સુધારા **ગ્રાહ્ય રાખવામાં આવેલ હોય તેની યાદી: "પત્રક–બ"** અને **શાળા પસંદગી માટે પાત્રતા ધરાવતા ન હોય તેવા ઉમેદવારની યાદી:"પત્રક–ક"** https://www.gserc.in/ વેબસાઇટ પર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની અલગ અલગ મૂકવામાં આવેલ છે.

- ઉમેદવારોની ઓનલાઇન અરજીઓ સંદર્ભે **પત્રક–અ, પત્રક–બ અને પત્રક–કની** વિગતોને ધ્યાને લઇ વિભાગવાર,માધ્યમવાર વિષયવાર તથા કેટેગરીવાર કામચલાઉ મેરીટ યાદી (PML) આજે તા.૦૨/૦૧/૨૦૨૫ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવે છે.
- રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂનાશિક્ષક ભરતી/બદલી પ્રક્રીયાના PML અન્વયે ઉમેદવારને કોઈ વાંધો હોય તો વાંધો રજૂ કરતી અરજી **તારીખ:૦૩/૦૧/૨૦૨૫ થી તા.૦૪/૦૧/૨૦૨૫** સુધી કચેરી સમય દરમિયાન સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે રજૂ કરવાની રહેશે.
- PMLમાં સમાવિષ્ટ થવાથી જૂનાશિક્ષક તરીકે ભરતી/બદલી મેળવવાનો કોઇ હક પ્રસ્થાપિત થતો નથી જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.
- વાંધા અરજી રજૂ કરવા ઇચ્છતા ઉમેદવારે પોતાની વાંધા અરજી પોતે હાલ જે જિલ્લામાં ફરજ બજાવે છે તે જ જિલ્લાની જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી ખાતે જ રૂબરૂમાં જમા કરાવવાની રહેશે.
- ઉમેદવારે વાંધા અરજીમાં પોતાનું નામ, સરનામુ, વિભાગ, માધ્યમ, વિષય, કેટેગરી ઓનલાઇન અરજી નંબર, અને મોબાઇલ નંબર દર્શાવી જે બાબતે વાંધો હોય તે વાંધાની વિગતો સ્પષ્ટ દર્શાવી જરૂરી આધાર–પૂરાવા રજૂ કરવાના રહેશે તથા તે આધારોની સ્વ–પ્રમાણિત નકલો જમા કરાવવાની રહેશે.

- સમયમર્યાદામાં રજૂ ન થયેલ વાંધા અરજીઓ તેમજ નિયત સ્થળ સિવાય અન્ય સ્થળે મોકલાવેલ વાંધા અરજીઓ તથા  ટપાલ, કુરિયર કે રજી.એ.ડી., ઈ–મેઈલ કે અન્ય માધ્યમે મળેલ વાંધા અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહિં અને સીધી દફ્તરે કરવામાં આવશે.
- વાંધા અરજીઓ જે તે **જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી** પર ઉમેદવારે રૂબરૂમાં જ રજૂ કરવાની રહેશે. તેમ છતાં જો ઉમેદવાર અનિવાર્ય તબીબી કારણોસર સૂચવેલ સમયે અને સ્થળે વાંધા અરજી રજૂ કરવા રૂબરૂમાં ઉપસ્થિત રહી શકે તેમ ન હોય તો તેના જરૂરી આધારો સહ અન્ય કોઈ વ્યક્તિને પોતાનો ઓથોરીટી લેટર (મુખત્યાર પત્ર) આપી વાંધા અરજી રજૂ કરવા માટે મોકલી શકશે.
- ઉમેદવારોની રજૂ થયેલ ક્વેરીવાળી તમામ અરજીઓને ભરતી સમિતિ સમક્ષ રજૂ કરી નીચેની યાદી મુજબના નિર્ણય કરવામાં આવેલ છે.

  (૧) "પત્રક–અ" (રદ કરવામાં આવેલ અરજીઓની યાદી)

  (૨) "પત્રક–બ" (સુધારા ગ્રાહ્ય રાખવામાં આવેલ હોય તેવી અરજીઓની યાદી)

  (૩) "પત્રક–ક" (શાળા પસંદગી માટે પાત્રતા ધરાવતા ન હોય તેવા ઉમેદવારની યાદી)

GS & SSH Education Staff Recruitment Selection Committee